# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-08-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. UPIના નવા નિયમો આજથી અમલમાં મુકાયા
2. રાજ્યમાં 87 રેલવે મથકોને અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ વિકસાવાશે.
3. NIA એ 2015 ના ભરૂચ ડબલ મર્ડર કેસના આરોપીની બે સ્થાવર મિલકતો ટાંચમાં લીધી
4. ગુજરાતી અભિનેત્રી જાનકી બોડીવાલાને ફિલ્મ ‘વશ’ માટે શ્રેષ્ઠ સહાયક અભિનેત્રી શ્રેણી માટે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારની જાહેરાત
5. રાજ્યમાં મોસમનો સરેરાશ 62 ટકાથી વધુ વરસાદ નર્મદા બંધના 15 દરવાજા ખોલાયા-કાંઠાના ગામોને એલર્ટ કરાયા

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# New UPI rules

નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા-NPCI એ આજથી યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ-UPI માટે નવા નિયમો લાગુ કર્યા છે. જેમાં દરેક વ્યવહાર પહેલાં પ્રાપ્તકર્તાનું નામ મોકલનારને બતાવવામાં આવશે. દરેક UPI એપ્લિકેશન વપરાશકર્તાઓ દિવસમાં 50 વખત તેમના બેંક બેલેન્સની તપાસ કરી શકશે.

NPCI એ એ પણ ફરજિયાત બનાવ્યું છે કે ઓટોમેટેડ ચુકવણી વ્યવહારો ફક્ત નોન-પીક અવર્સ દરમિયાન જ પ્રક્રિયા કરવામાં આવશે. ગ્રાહકો હવે તેમના મોબાઇલ નંબર સાથે લિંક કરેલી બેંકોની સૂચિ જોઈ શકશે. પુષ્ટિ ન થયેલ ચુકવણીના કિસ્સામાં, વપરાશકર્તાઓ ફક્ત ત્રણ વખત ચુકવણીની સ્થિતિ ચકાસી શકશે, અને દરેક પ્રયાસ વચ્ચે ઓછામાં ઓછું 90 સેકન્ડનું અંતર રહેશે.

. . . . . . . . . . .

# RS AMRIT BHARAT

રાજ્યના 87 રેલવે મથકોને અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ વિકસાવાશે. જેમાં અમદાવાદ, આણંદ, અંકલેશ્વર, ગાંધીધામ, જૂનાગઢ, ખંભાળિયા, મહેસાણા, સામખીયાળી, નડિયાદ, પાલનપુર, લીમખેડા સહિતના મથકોનો સમાવેશ થાય છે. આ મથકોના વિકાસ માટે નાણાકીય વર્ષ 2025-26 માટે એક હજાર 843 કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે, જેમાંથી જૂન 2025 સુધીમાં 433 કરોડ રૂપિયાનો ખર્ચ કરાયો છે.

રાજ્યસભામાં સાંસદ નરહરી અમીનના પ્રશ્નનો જવાબ આપતા રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે માહિતી આપતા જણાવ્યુ કે અત્યાર સુધીમાં, ડાકોર, ડેરોલ, હાપા, જામ જોધપુર, જામ વંથલી સહિત 18 મથકોના પહેલા તબક્કાના કામો પૂર્ણ કરાયા છે. દેશમાં અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ કુલ એક હજાર 337 રેલવે મથકો વિકસાવાશે. આ યોજના હેઠળ નાણાકીય વર્ષ 2025-26 માટે 12 હજાર 118 કરોડનું ભંડોળ ફાળવવામાં આવ્યું, જેમાંથી જૂન 2025 સુધીમાં 2 હજાર 612 કરોડનો ખર્ચ કરાયો છે.

. . . . . . . . . . .

# NIA GUJ

રાષ્ટ્રીય તપાસ સંસ્થા (NIA) એ 2015 ના ભરૂચ ડબલ મર્ડર કેસના આરોપી મોહમ્મદ યુનુસ ઉર્ફે માંજરોની બે સ્થાવર મિલકતો ટાંચમાં લીધી છે.

ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમની કલમ હેઠળ કાર્યવાહી કરીને, NIA એ અમદાવાદમાં NIA ની વિશેષ અદાલતના આદેશ પર આ કાર્યવાહી કરી છે. જપ્ત કરાયેલી સંપત્તિઓમાં ભરૂચ શહેરમાં સ્થિત અંદાજે 144 ચોરસ મીટરનું એક રહેણાંક મકાન અને તેની બાજુની 29 ચોરસ મીટર જેટલી જમીનનો સમાવેશ થાય છે.

નવેમ્બર 2015 માં શિરીષ બંગાળી અને પ્રગ્નેશ મિસ્ત્રી આ બે ભાજપ નેતાઓની હત્યાના મામલે કથિત ભૂમિકા બદલ મોહમ્મદ યુનુસની ધરપકડ કરવામાં આવી હતી. બાદમાં આ ડબલ મર્ડર કેસમાં

આંતરરાષ્ટ્રીય ગુનાહિત અને આતંકવાદી પ્રવૃત્તિઓ ધરાવતા ડી-કંપની નેટવર્કની સંડોવણી સામે આવી હતી.

. . . . . . . . . . .

# JANKI BODIWALA NATIONAL AWARD

વર્ષ 2023ની ફિલ્મો માટે 71મા રાષ્ટ્રીય પુરસ્કારની આજે જાહેરાત કરવામાં આવી. જેમાં ગુજરાતી અભિનેત્રી જાનકી બોડીવાલાને ગુજરાતી ફિલ્મ ‘વશ’ માટે શ્રેષ્ઠ સહાયક અભિનેત્રીનો પુરસ્કાર જાહેર થયો છે. આ જ શ્રેણીમાં મલયાલમ ફિલ્મ ‘ઉલોઝોકુ’ માટે અભિનેત્રી ઉર્વશીને શ્રેષ્ઠ સહાયક અભિનેત્રી પુરસ્કારની જાહેરાત થઇ છે. વર્ષ 2023માં આવેલી ફિલ્મ ‘વશ’માં જાનકી બોડીવાલા સાથે અભિનેતા હિતેન કુમાર પણ હતા. કૃષ્ણદેવ યાજ્ઞિક દ્વારા આ ફિલ્મનું દિગ્દર્શન કરવામાં આવ્યું હતું.

અભિનેતા શાહરૂખ ખાનને ફિલ્મ “જવાન” માટે અને વિક્રાંત મેસીને “12$^{TH}$ fail”  માટે શ્રેષ્ઠ અભિનેતા શ્રેણીમાં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો મળ્યા છે. રાની મુખર્જીને “મિસિસ ચેટર્જી v\s નોર્વે ” માટે શ્રેષ્ઠ અભિનેત્રીનો પુરસ્કાર આપવામાં આવ્યો છે. જ્યારે કટહલ - અ જેકફ્રૂટ મિસ્ટ્રીને શ્રેષ્ઠ હિન્દી ફિલ્મનો પુરસ્કારની જાહેરાત થઇ છે.

. . . . . . . . . . .

# Rushikesh patel --Health Review Center

તાજેતરમાં ગાંધીનગરમાં સ્થપાયેલા આરોગ્ય સમીક્ષા કેન્દ્રને લોકો તરફથી સારો પ્રતિસાદ મળ્યો છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, કેન્દ્ર દ્વારા ગત જુલાઈ માસમાં જ  કુલ ૩ લાખ ૭૬ હજારથી વધુ કોલ્સ સ્વીકારવામાં આવ્યા છે.

આરોગ્ય સમીક્ષા કેન્દ્ર દ્વારા જુલાઈ-૨૦૨૫ દરમિયાન સગર્ભા માતાના આરોગ્ય બાળ આરોગ્ય માટે ટી.બી. 11 હજાર ૭00થી વધુ, રસીકરણ કામગીરી, સિકલસેલના શાળા આરોગ્ય  સહિતની મહત્વપૂર્ણ આરોગ્ય સેવાઓનું પણ ફોલો-અપ લેવામાં આવી રહ્યું છે.

. . . . . . . . . . .

# Dang –Ek Pad Maa Ke Naam

વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશ પટેલની હાજરીમાં ડાંગના સુબીર ખાતે એક પેડ મા કે નામ બીજા તબક્કા અંતર્ગત આજે ડાંગ જિલ્લાના સુબીરના  કાંગરીયા માળ ખાતે 11 હજાર 111 વૃક્ષો રોપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે વન મંત્રીએ  જણાવ્યું હતું કે, માતૃ ભૂમિ  અને આપણી માતાનું ઋણ ચૂકવવું અશક્ય છે. પરંતુ દરેક વ્યક્તિ એક વૃક્ષ  વાવીને બંનેનું ઋણ અદા કરવા માટે એક ડગલું ભરી શકે. સામાજિક વનીકરણ ઝુંબેશના ભાગરૂપે આ પહેલ કરવામાં આવી છે.

. . . . . . . . . . .

# PM-15 AUG SPEECH IDEAS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વતંત્રતા દિવસના તેમના ભાષણ માટે તમામ નાગરિકોને તેમના વિચારોનું યોગદાન આપવા આમંત્રણ આપ્યું છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ નાગરિકોને MyGov અને NaMo App પર ખુલ્લા મંચ પર તેમના વિચારો શેર કરવા વિનંતી કરી.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# SAHKAR SAMVAAD

સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માની અધ્યક્ષતામાં વડોદરા ખાતે સહકારી મંડળીઓનો સંવાદ કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે શ્રી વિશ્વકર્માએ ગ્રામ્ય અને ખેતી આધારિત અર્થતંત્રમાં સહકાર ક્ષેત્રની ભૂમિકાને મહત્વપૂર્ણ ગણાવી. તેમણે કહ્યું, સહકાર ક્ષેત્રના મજબૂતીકરણથી વિકસિત

ભારતનું સપનું સાકાર કરવામાં તમામના સહયોગની જરૂર છે. શ્રી વિશ્વકર્માએ ઉત્કૃષ્ટ કામગીરી કરતી સહકારી મંડળીઓને પ્રોત્સાહિત કરી વિવિધ મંડળીના પ્રતિનિધિ સાથે સંવાદ પણ કર્યો.

. . . . . . . . . . .

# SURENDRANAGAR STHAPNA

સૌરાષ્ટ્રના પવેશદ્વારા સમા સુરેન્દ્રનગરનો આજે 79મો સ્થાપના દિવસ છે. વઢવાણના ધારાસભ્ય જગદીશ મકવાણાની અધ્યક્ષતામાં સુરેન્દ્રનગરના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી. જે અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના સ્થાપના દિવસ અંગે વધુ માહિતી આપી રહ્યા છે અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર..

(વોઇસ કાસ્ટ : દિનેશ પરમાર)

. . . . . . . . . . .

# GUJARAT RAIN

રાજ્યમાં વરસાદે હાલ વિરામ લીધો છે. અત્યારસુધીમાં રાજ્યમાં મોસમનો સરેરાશ 62 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જેમાં દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ સરેરાશ 66 ટકા વરસાદ વરસ્યો છે.

બીજી તરફ ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને પગલે રાજ્યના 52 જળાશય હાઇએલર્ટ પર છે. 30 જળાશય સંપૂર્ણ ભરાયા છે. રાજ્યની

જીવાદોરી સમાન નર્મદા બંધ 81 ટકાથી વધુ ભરાયો છે. નર્મદા બંધમાં જળસપાટી 133 મીટરે પહોંચતા 15 દરવાજા 3.80 મીટર સુધી ખોલી 3 લાખ 86 હજાર ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવ્યું છે. જેથી નદીકાંઠા ગામોને એલર્ટ કરાયા છે.

દરમિયાન, રાજ્યમાં અત્યાર સુધીમાં 4 હજાર 403 લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. વરસાદને કારણે અત્યાર સુધી કુલ 58 માર્ગ બંધ કરાયા છે. બીજી તરફ ભારે વરસાદમાં પણ રાજ્યમાં એસ.ટી બસ સેવા અવિરત રહી છે. રાજ્યના 125 એસ.ટી ડેપોમાંથી તંત્રએ 24 લાખથી વધુ ટ્રીપો પૂર્ણ કરીને 9 કરોડથી વધુ મુસાફરોને પોતાના ગંતવ્ય સ્થાન સુધી પહોંચાડ્યા છે.

. . . . . . . . . . .

# WEATHER FORECAST

આગામી 2 અઠવાડિયામાં વરસાદની ગતિ ધીમી રહેશે. હવામાન વિભાગના જણાવ્યાઅનુસાર આ મહિનામાં સામાન્ય વરસાદ થવાની શક્યતા છે. આ સપ્તાહમાં 40 થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા હોવાને પગલે હવામાન વિભાગે માછીમારોને 4 અને 5 ઓગસ્ટના રોજ દરિયો ન ખેડવાની સૂચના આપી હોવાનું હવામાન વિભાગના નિયામક ડો. એ.કે.દાસે જણાવ્યું હતું.

(બાઇટ : ડો. એ.કે.દાસ, નિયામક, હવામાન વિભાગ)

. . . . . . . . . . .

# TAPI - NARI VANDAN

તાપી જિલ્લાના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા "નારી વંદન ઉત્સવ–2025" નિમિત્તે “મહિલા સુરક્ષા દિવસ”ની ઉજવણી વ્યારા ખાતે કરાઇ હતી. આ પ્રસંગે જિલ્લા મહિલા અને બાળ અધિકારીએ મહિલાઓના સુરક્ષા હક્ક, સશક્તિકરણ તથા વર્તમાન યોજનાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતુ. તેમણે વ્હાલી દિકરી યોજના, ગંગા સ્વરૂપા સહાય યોજના, સખી વન સ્ટોપ સેન્ટર વગેરેના લાભો સમજાવ્યા હતા. દરમિયાન મહિલા પોલીસ મથકના ઈન્સ્પેકટર દ્વારા શી ટીમ અને સ્વરક્ષણ તાલીમની ભૂમિકા રજૂ કરાઈ હતી.

. . . . . . . . . . .

# Gujarat State Badminton Championship

ગુજરાત સ્ટેટ બેડમિન્ટન ચેમ્પિયનશીપ 2025 વડોદરામાં યોજાઇ ગઈ. સમગ્ર રાજયમાંથી વિવિધ ઉંમરના ખેલાડીઓએ ભાગ લીધો હતો.

અમદાવાદની અન્વી પટેલે ગર્લ્સ સિંગલ્સ U15 અને ગર્લ્સ ડબલ્સ U15માં સુવર્ણ ચંદ્રક જીત્યા, જ્યારે પહલ ચાવતે ગર્લ્સ ડબલ્સ U15માં કાંસ્ય ચંદ્રક મેળવ્યો. રિયાન પટેલે બોયઝ ડબલ્સ U15માં કાંસ્ય ચંદ્રક

જીત્યો. વિજેતા ખેલાડી રિયાન પટેલે યુવાનોને  રમતક્ષેત્રે રસ વધારવા અપીલ કરી હતી.

(બાઇટ --રિયાન પટેલ)

. . . . . . . . . . .